SHRI MRD ARTS & SHRI E E L K COMM.COLLEGE
CHIKHLI, DIST- NAVSARI

ASHOKBHAI C. PATEL
LECTURER IN ECONOMICS

# ECONOMIC DEVELOPMENT & GROWTH

PAPER-18

TYBA SEM-6

# આર્થિક વૃદ્ધિના તબક્કાઓ

પ્રાસ્તાવિક :-

અર્થશાસ્ત્રીઓએ આર્થિક વૃદ્ધિનો અભ્યાસ કરતી વખતે ઐતિહાસિક અભિગમ અપનાવ્યો છે. ઈતિહાસીક અભિગમ અન્વયે વૃદ્ધિ નો ખ્યાલ તબક્કાની રીતે વિચારવામાં આવે છે. કોઈ એક દેશ સંપૂર્ણ વિકાસ સાધે તે અગાઉ તેણે વિવિધ તબક્કામાંથી પસાર થવું પડે છે. આર્થિક વૃદ્ધિના તબક્કાનાં મુખ્ય પ્રણેતા પ્રોફેસર રોસ્ટોવ છે. પ્રો.રોસ્ટોવ ઉપરાંત પણ અન્ય અર્થશાસ્ત્રીઓએ વૃદ્ધિના તબક્કા અંગે વિચારો વ્યક્ત કર્યા છે. દા.ત.એડમ સ્મિથના મતે વિકાસતા સમાજમાં સૌપ્રથમ ખેતીમાં મૂડીરોકાણ ત્યાર પછી ઉધોગમા અને પછી વિદેશ વેપારમાં થાય છે આધુનિક અર્થશાસ્ત્રીઓના મતે આર્થિક વિકાસની પ્રક્રિયા તબક્કાવાર શ્રમનો પુરવઠો પ્રાથમિક ક્ષેત્ર માંથી અને ઉધોગમાં અને ત્યાર પછી સેવાના ક્ષેત્રમાં જાય છે.

# રોસ્ટોવ નો  આર્થિક વૃદ્ધિનો  તબક્કાનો સિદ્ધાંત

1962 માં પ્રકાશિત પુસ્તક  the stage of economic Growth માં w.w.Rostov  આર્થિક વિકાસ અંગે ઐતિહાસિક અભિગમ પર આધારિત સિદ્ધાંત રજૂ કર્યું છે. કાર્લ માર્કસ દ્વારા મૂડીવાદી અર્થવ્યવસ્થા ને  વિકાસની પ્રક્રિયા દરમિયાન સામંત - વાદ મૂડીવાદ સમજવા અને સામ્યવાદ એવા ચાર તબક્કામાંથી પસાર થવું પડે છે.પ્રો. રોસ્ટોવનાં મતે  કોઈ એક અર્થવ્યવસ્થાની વિકાસ શક્યતાઓ તેની છ વ્રુતી  પર આધાર રાખે છે.

(1) શુધ્ધ વિજ્ઞાનનો વિકાસ કરવાની વૃત્તિ

(2) આર્થિક હેતુઓ માટે વિજ્ઞાનનો ઉપયોગ કરવાની વૃત્તિ.

(3) નવીન સંશોધનનો અપનાવવાની વૃત્તિ

(4) ભૌતિક પ્રગતિ સાધવા વૃત્તિ

(4) વપરાશ વૃત્તિ

(6) સંતતિ અંગેની વૃત્તિ .

ઉપરોક્ત 6 વૃત્તિઓ પર ઉત્પાદક શ્રમિકોનું પ્રમાણ તેમની ગુણવત્તા તથા મૂડીરોકાણ વૃદ્ધિનો દર નો આધાર રહેલો છે.

# પ્રો.રોસ્ટોવના આર્થિક  વૃદ્ધિનાં તબક્કાઓ નીચે પ્રમાણે છે

1) પરંપરાગત સમાજ વિકાસ:-

વિકાસની  આ અવસ્થા અત્યંત પછાત  અવસ્થા છે. જેમાં માથાદીઠ ઉત્પાદન ખુબજ  નીચું હોય છે. આ તબક્કામાં લોકો તથા સરકાર દ્વારા વિકાસના પ્રયત્નો નો અભાવ હોય છે.  આ તબક્કામાં સમાજ પરંપરાગત રૂઢિ, રિવાજો, પ્રણાલિકાઓ જડ માન્યતાઓથી જોડાયેલો હોય છે. કુદરત પર કાબુ મેળવવા અને બદલે કુદરતને તાબે થવાની વૃત્તિ વધુ પ્રમાણમાં જોવા મળે છે. લોકોમાં ઉચ્ચ જીવનધોરણ પ્રત્યેની દ્રષ્ટિ નો અભાવ હોય છે . લોકો આલસુ હોય છે.ટેકનોલોજી  પ્રત્યે સમાજ અજ્ઞાન હોય છે.આ તબક્કામાં લોકોની ઉત્પાદકતા નીચી  હોય  છે.આ તબક્કામાં 75%  જેટલી વસ્તી ખેતી ક્ષેત્રમાં રોકાયેલી હોય છે.છતા પણ જરૂરી ઉત્પાદન થતુ નથી. લોકોની આવક પણ ઓછી હોય છે. ઓછી આવક ને કારણે મોટા ભાગની આવક જીવન જરૂરીયાત ની વસ્તુઓ પાછલ ખર્ચાય જાય છે.જેને પરીણામે  બચત પણ ઓછી હોય છે. લોકો તેમની બચતનું ઉત્પાદક મૂડીરોકાણ કરવાને  બદલે ધાર્મિક પ્રસંગો, ઉત્સવ,  સામાજિક પ્રસંગો  અને તહેવારો તથા અન્ય બિન ઉત્પાદક હેતુઓ માટે ખર્ચ કરતા હોય છે. જેને કારણે મૂડીસર્જન નો દર નીચો રહે છે.

આર્થિક વિકાસ નાં દર નો આધાર મૂડીરોકાણ પર હોય છે . આર્થિક વિકાસનો દર ખુબજ નીચો રહે છે કારણે લોકોની ઉત્પાદકતા નીચી રહે છે જેથી લોકોની આવકપણ નીચી રહે છે. અર્થતંત્રમાં આર્થિક સ્થગિતતા થતો નથી.

# (2) સંક્રાંતિકાળ નો  તબક્કોઅથવા ઉડ્ડયન માટે ની પૂર્વ શરતો :-

બીજો તબક્કો રૂઢિચુસ્ત સમાજ અને ઉડ્ડયન વચ્ચેનો સંક્રાંતિકાળ છે. આ તબક્કામાં ધીમી ગતિએ પરિવર્તનનો આરંભ થાય છે. આ તબક્કામાં સમાજ પરંપરાગત અવસ્થામાંથી બહાર નીકળીને વૈજ્ઞાનિક અને આધુનિક સમાજ નું રૂપ ધારણ કરીને ઉદયના તબક્કામાં પ્રવેશ કરવાની તૈયારી કરી છે.આ તબક્કામાં શિક્ષણમાં વધારો થાય છે. ખાનગી તથા જાહેર ક્ષેત્રોમાં નવા સાહસિક વર્ગનો ઉદય થાય છે. છૂટી સવાઈ બચતો એકત્રિત કરી મૂડીરોકાણ ઉત્પાદકો દ્વારા કરવામાં આવે છે.બચતો  એકત્રિત કરવા માટે બેન્કો અને નાણાકીય સંસ્થાઓ નો વિકાસ થાય છે. વાહન  વ્યવહાર સંદેશા વ્યવહારમાં પણ મૂડીરોકાણ  વધે છે. પ્રો . રોસ્ટોવ  મતે આ તબક્કામાં નીચેની 5 શરતોનું પાલન થવું જોઈએ.

(1) મૂડીરોકાણનો દર વસ્તી વૃદ્ધિના  દર કરતાં વધુ હોવો જોઈએ એટલે કે મૂડીરોકાણનો દર વધીને રાષ્ટ્રીય આવકના 10 ટકા કે તેથી વધુ થવો જોઈએ.

(2) કૃષિ ઉત્પાદકતામાં વધારો થવો જોઈએ

(3) દેશના કુલ મૂડીરોકાણનું મોટો ભાગ વાહન વ્યવહાર અને સંદેશા વ્યવહાર તથા અન્ય સામાજિક સેવાઓ ના વિકાસ માટે ખર્ચ થવું જોઈએ.

(4)  અર્થતંત્રનું વૈવિધ્યકરણ થવું જોઈએ.

(5) સામાજિક મૂલ્યો અને દ્રષ્ટિકોણમાં પણ ચોક્કસ પરિવર્તન થવું જોઈએ

બીજા તબક્કા દરમિયાન આર્થિક વિકાસ માટે સક્રિયતા આવે છે. આ તબક્કામાં દેશનો આર્થિક વિકાસ શક્ય બને છે.

## પ્રો.રોસ્ટોવનાં મતે  ઉડ્ડયનના તબક્કાનો આરંભનાં  ઉત્તેજક પરિબળો:-

(1) રાજકીય ,  સામાજિક,  આર્થિક તથા મૂડીરોકાણમા માળખાગત પરિવર્તન થાય છે.

(2) નવા બજારોની શોધ થાય છે.

(3)ટેકનોલોજીકલ  પરિવર્તનનો થાય છે.

# (3) ઉડ્ડયનનો  તબક્કો:-

કોઈ પણ સમાજની  ઉત્ક્રાંતિમાં આ એક નિર્ણાયક તબક્કો છે. સતત વૃદ્ધિ ને આડે આવતા અવરોધો દૂર થાય છે.જેને પરિણામે ગરિબાઈનું  ચક્ર તૂટે  છે. આ તબક્કામાં લોકોની ઉત્પાદકતામાં વધારો થાય છે.લોકોની આવક પણ વધે છે.સમાજના લોકો ની આવક વધવાથી  બચતમાં વધારો થાય છે.સમાજના લોકોની બચત વધવાથી મૂડીરોકાણમા  વૃદ્ધિ શક્ય  બને છે. વૃદ્ધિ સામાન્ય ઘટના બને છે.ઉડ્ડયનનો સમય સામાન્ય રીતે ૨૦ થી ૩૦ વર્ષના ગાળાનો  હોય છે. આ તબક્કામાં મૂડીરોકાણમાં વધારો થવાને કારણે માથાદીઠ ઉત્પાદનમાં વૃદ્ધિ થાય છે. જેને કારણે લોકોની આવક તથા બચત માં વધારો થવાથી નવા મૂડી રોકાણમાં વધારો થાય છે.

# પ્રો.રોસ્ટોવનાં મતે ઉડ્ડ્યનના તબક્કાનો આરંભનાં ઉત્તેજક પરિબળો:-

(1) રાજકીય , સામાજિક, આર્થિક તથા મૂડીરોકાણમા માળખાગત પરિવર્તન થાય છે.
(2) નવા બજારોની શોધ થાય છે.
(3)ટેક્નોલોજીકલ પરિવર્તનનો થાય છે.

ઉડ્ડ્યનની શરતો:-

(1) ચોખ્ખા મૂડીરોકાણના દરમાં રાષ્ટ્રીય પેદાશ નાં ૧૦% કે તેથી વધુ વધારો થવો જોઈએ:-

આ તબક્કામા અર્થતંત્રનાં લોકોની માથાદીઠ આવક માં સતત વધારો થતો રહેવો જોઇએ . જે માટે રાષ્ટ્રીય આવકમાં થતો વધારો વસ્તીમાં થતાં વધારા કરતા વધારે હોવો જોઇએ. જેથી દેશની માથાદીઠ આવકમાં વધારો શક્ય બને છે.દેશમાં મૂડીરોકાણનો આધાર ધિરાણભંડોલ પર છે. ધિરાણ દરમાં વધારો કરવા બિનજરૂરી વપરાશ પર નિયંત્રણ, નાણાકીય સંન્થઓ ઓ નો વિકાસ, નફો તથા વિદેશી મૂડીનો ઉપયોગ કરીને મૂડીરોકાણ વધારો કરી શકાય છે.

# (2) અગ્રણીય ક્ષેત્રનો વિકાસ:-

પ્રો.રોસ્ટોવનાં મતે અર્થતંત્રમાં ત્રણ ક્ષેત્રો છે.

(A) વિકાસના પ્રાથમિક ક્ષેત્રો જેમાં નવા સંશોધનો નો ઉપયોગ કરી નફામાં વધારો કરી શકાય છે. આ ક્ષેત્રનો વિકાસ દર અન્ય ક્ષેત્રના વિકાસ દર  કરતાં વધારે હોય છે.

(B) વિકાસના પૂરક ક્ષેત્રો:-

પ્રાથમિક ક્ષેત્ર ના વિકાસ ને લીધે પૂરક ક્ષેત્રનો વિકાસ થાય છે.

(C)વિકાસ વ્યુત્પન્ન ક્ષેત્રે:-રાષ્ટ્રીય આવક, વસ્તી તથા ઉદ્યોગના વિકાસને લીધે આ ક્ષેત્રનો વિકાસ થાય છે.

(3) સાનુકુળ, રાજકીય, સામાજિક અને સાંસ્કૃતિક માળખુ :-

વિકાસના આ તબક્કામાં દેશમાં સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક માળખામાં એ રીતે ફેરફાર થાય છે, જેને કારણે વિકાસની પ્રક્રિયા આગળ વધે છે.

# (4) સ્વયં વિકાસનો તબક્કો:-

પ્રો.રોસ્ટોવ મતે આ એ અવસ્થા છે જ્યાં સમાજ તેના સાધનોના ઉપયોગ માં સાધન ટેકનોલોજીને વધારે ઉપયોગ કરે છે. ઉત્પાદન ની નવી પદ્ધતિઓ અને ટેકનોલોજી ઉત્પાદન માટે અપનાવવામાં આવે  છે. આ તબક્કામાં ૧૦ ટકાથી ૨૦ ટકા જેટલું રોકાણ કરવામાં આવે  છે.જેથી વસ્તી વૃધ્ધિ કરતા પણ ઘણો વધારે હોય છે. અર્થતંત્ર જેમ વીકાસ ની પૂર્ણતાના તબક્કે પહોંચે  છે તેમ-તેમ પુરવઠામાં તથા ગુણવત્તા માં ફેરફાર થાય છે. અર્થતંત્રમાં ખેતી નું મહત્વ ઘટે  છે .અને ઔદ્યોગિક અને સેવા ક્ષેત્રનું મહત્વ વધી જાય છે તે સ્થળ તથા કુશળ નું પ્રમાણ વધે છે સંચાલકો અને પ્રબંધકો નું મહત્વ વધે છે ઉદ્યોગિક વિકાસ ને કારણે સમાજને ખૂબ જ લાભ થાય છે બીજી તરફ કંટાળી જાય છે તેથી વધુ ને વધુ નવીન શોધ થાય છે અને જે પરિવર્તન માં પરિણમે છે .

# ૫ ઉચ્ચ વપરાશ ધોરણની તબક્કો:-

આ તબક્કામા અર્થતંત્ર ટકાઉ વપરાશી વસ્તુઓ અને સેવાઓનું વધારે ઉત્પાદન થાય છે. વપરાશને વધારે મહત્વ આપવામા આવે છે. અદ્યતન ટેકનોલોજીનો વિસ્તરણ એ હવે અર્થતંત્રનો મુખ્ય હેતુ નથી અને વપરાશ અને લોકોના કલ્યાણ તરફ સમાજને ધ્યાન કેન્દ્રિત થાય છે અર્થતંત્રની ઉત્પાદન શક્તિ વધવાને કારણે વધારાની ઉત્પાદન શક્તિ ને નીચે મુજબનાં કામે લગાડી શકાય. સમાજ કલ્યાણ રાજ્ય સ્થાપનાર કરી એટલે સમાજીક પરિપક્વતાની અવસ્થા પાર કરી લીધી છે. જે માટે સામાજિક સલામતી શ્રમ કલ્યાણ આવકની સમાન વહેચણી દ્વારા કલ્યાણ રાજ્યની સ્થાપના કરવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તેની શક્તિ અને પ્રભાવને વિસ્તારના પ્રયાસ કરવા, વપરાશમાં વધારો કરવો તથા ટકા વપરાશ વસ્તુઓનું ઉત્પાદન તથા વિવિધ પ્રકારની સેવાઓ પુરી પાડવી અમેરિકાએ સર્વ પ્રથમ દેશ છે કે જેણે 1920માં ઉચ્ચ વપરાશ ધોરણનો તબક્કો પાર કર્યો છે ત્યારબાદ 1930માં બ્રિટન 1950માં જાપાન પ્રાપ્ત કર્યું છે

આર્થિક વૃદ્ધિના તબક્ક આર્થિક  વિકાસની પ્રક્રિયાને સમજાવા ખૂબ જ ઉપયોગી હોવા છતાં

ઐતિહાસિક સમર્થન પ્રાપ્ત થતો નથી:-કોઈપણ દેશના આર્થિક વિકાસના ઐતિહાસિક સમર્થન પ્રાપ્ત થતો નથ
થયા હોય દાખલા તરીકે અમેરિકા કેનેડા જેવા દેશોએ પરંપરાગત સમાજની અવસ્થામાંથી પસાર થયા વિના
આર્થિક વિકાસના ઇતિહાસને આ રીતે વિકાસ ના જુદા જુદા તબક્કામાં વહેંચવાનું શક્ય નથી એટલું જ નહીં
પસાર થાય એ જરૂરી પણ નથી

(2) પ્રો.રોસ્ટોવે આપેલા આર્થિક વૃદ્ધિના વિવિધ તબક્કાઓ એકબીજાથી ભિન્ન નથી પરંતુ એકા બીજા સાથે  પરસ્પર વ્યાપી છે.દાખલા તરીકે ન્યૂઝીલેન્ડ અને ડેનમાર્ક જેવા દેશોમાં ઉદયના તબક્કામાં પણ ખેતી ક્ષેત્રનો સારો  વિકાસ થવા પામ્યું હતો.જે પ્રો.રોસ્ટોવે  ખેતી વિકાસ નો પરંપરાગત તબક્કામાં સમાવેશ કર્યો છે.

(3) વૃદ્ધિ ના તબક્કા અંગે વિશ્લેષણ સંકુચિત અને અપૂરતું અને અવિશ્વસનીય છે. કારણ કે તે સદીના ૧૨ જેટલા દેશો નું આંકડાકીય વિશ્લેષણ કર્યા પછી વૃદ્ધિ ના તબક્કા નો સિધ્ધાંત આપ્યો છે અને આ દેશોની આંકડાકીય માહિતી પણ પૂર્ણ અને વિશ્વસનીય નથી.

(4) દેશ કયા તબક્કામાં છે. જેની જાણકારી પ્રાપ્ત કરવા આંકડાકીય માહિતી ની જરૂર પડે છે. પરંતુ પૂરતી આં
બીજા તબક્કામાં આરંભ ક્યારે કરશે તે જાણી શકાતું નથી.

(5)તબક્કાની જે વિશેષતા છે તે દર્શાવી છે તેનો ઐતિહાસિક સમર્થન મળતું નથી.

(6) ઉડ્ડયનના તબક્કાની જે વિશિષ્ટતા  દર્શાવી છે.તેને એક ઐતિહાસિક સમર્થન મળતું નથી દાખલા તરીકે ઉડ્ડયનના તબક્કા ની  સૌથી પહેલી શરત એ છે કે આ ગાળા દરમિયાન મૂડીરોકાણના દરમાં  10 ટકા કે તેથી વધુ વધારો થવો જોઈએ જેથી કરીને રાષ્ટ્રીય આવકમાં નોંધપાત્ર વધારો થવા પામે. તેમાં આ બાબતને આંકડાકીય સમર્થન મળતું નથી.આ ટકાવારી મનસ્વી રીતે નક્કી કરી હોય એમ જણાય છે. એ જ રીતે ઉદ્યોગીકરણ ને લીધે બચત આવક વધારો થાય છે. એને પણ કોઈ ઈતિહાસીક સમર્થન મળતું નથી. ઊલટાનું વિકાસની પ્રક્રિયા સાથે આ ગુણોત્તર  ધીમા દરે વધારો થાય છે.

(7) સ્વયંમગામી  વિકાસનો ખ્યાલ ગેરરસ્તે દોરનારો  છે આર્થિક વિકાસ એ સ્વયંમગામી નથી.આર્થિક વિક
ની પ્રક્રિયા એ  સ્વયંમ કે સ્વયંસંચાલિત નથી.

THANK YOU